## જલાલપોરના આસણા ગામમાં મહોલ્લાનું નામ બદલાયું

**માહ્યવંશી** ફળીયા' હવે 'અમૃત નગર' તરીકે ઓળખાશે

નવસારી : જલાલપોર તાલુકાના આસણા ગામમાં સ્થિત માહ્યાવંશી ફળીયાનું નામ હવે બદલાઈને અમૃત નગર તરીકે ઓળખાશે. આ નિર્ણય સ્થાનિક રહેવાસીઓની માંગને આધારે લેવામાં આવ્યો છે.

માહ્યાવંશી સમાજના લોકો દ્વારા ગામ પંચાયત સમક્ષ લેખિતમાં રજૂઆત કરી ફળીયાનું નામ પરિવર્તન કરવાની માંગ કરવામાં આવી હતી. આ રજૂઆતને ધ્યાનમાં રાખીને ગામના સરપંચ કુઝેલ પટેલ, તલાટી-કમ-મંત્રી અને પંચાયત બોડીએ મુદ્દાને બેઠકમાં ચર્ચા કરી ઠરાવ સ્વરૂપે સ્વીકાર્યો હતો. પછી કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરીને ગ્રામ પંચાયત દ્વારા નામ બદલવા માટે અનાપત્તિ પ્રમાણપત્ર (NOC) જારી કરવામાં આવ્યું છે. પંચાયત દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, સક્ષમ અધિકારીની અંતિમ મંજૂરી મળ્યા બાદ જ માહ્યાવંશી ફળીયાને સત્તાવાર રીતે અમૃત નગર નામ આપવામાં આવશે. હાલમાં આ ફળીયો આકારણી રજિસ્ટરમાં જૂના નામે નોંધાયેલો છે, પરંતુ સ્થાનિક રહેવાસીઓની ઇચ્છા અને સહમતિને ધ્યાનમાં રાખીને નામ પરિવર્તનનો માર્ગ સુગમ બન્યો છે. ગામજનોમાં આ નિર્ણયને લઈને ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે અને મોટા ભાગના લોકોએ આ પરિવર્તનનું સ્વાગત કર્યું છે.

ગુજરાતમાં કહેવાતી દારૂબંધી વચ્ચે વલસાડમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો

# સરકારી કચેરીઓના આંગણે જ દારૂની જામતી મહેફિલ

**'દીવા** તળે અંધારું', વલસાડ મામલતદાર કચેરીના પાછળના ગેટ પાસે અને પોલીસ સ્ટેશનની સામે દારૂની ખાલી બોટલોનો જથ્થો મળી આવ્યો

**જ્યાં** ઉચ્ચ અધિકારીઓ અને પોલીસનો સતત પહેરો હોય, ત્યાં આવી પ્રવૃત્તિ કેવી રીતે શક્ય બની શકે?

વલસાડ : ગુજરાતમાં કહેવાતી દારૂબંધી વચ્ચે વલસાડ શહેરમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં કાયદાનું પાલન કરાવનારી કચેરીઓના આંગણે જ દારૂની મહેફિલો જામતી હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. વલસાડ મામલતદાર કચેરીના પાછળના ગેટ પાસે અને પોલીસ સ્ટેશનની બિલકુલ સામે દારૂની ખાલી બોટલોનો જથ્થો મળી આવતા તંત્રની કામગીરી પર સવાલો ઉઠી રહ્યા છે.

સ્થાનિક સૂત્રો અને રાહદારીઓ પાસેથી મળતી માહિતી મુજબ, વલસાડ મામલતદાર કચેરીના પાછળના ભાગે આવેલા ગેટ પાસે અસંખ્ય દારૂની ખાલી બોટલો વેરવિખેર પડી રહેલી જોવા મળી છે. આશ્ચર્યની વાત તો એ છે કે, આ સ્થળ વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનની બિલકુલ સામે આવેલું છે. જે રીતે બોટલોના ઢગલા પડ્યા છે, તે જોતા એવું લાગે છે કે જાણે અહીં ખુલ્લેઆમ દારૂના અડ્ડા ચાલતા હોય અથવા તો અસામાજિક તત્વોને પોલીસનો કોઈ ડર જ રહ્યો નથી. જે વિસ્તારમાં ઉચ્ચ અધિકારીઓ અને પોલીસનો સતત પહેરો હોય, ત્યાં આવી પ્રવૃત્તિ કેવી રીતે શક્ય છે? સામાન્ય જનતામાં એવી ચર્ચા છે કે જો સરકારી કચેરીઓના ઉંબરે જ આ હાલત હોય, તો સામાન્ય વિસ્તારોની સ્થિતિ કેવી હશે? દારૂની બોટલોને કારણે આસપાસમાં ગંદકી ફેલાઈ રહી છે અને રાત્રિના સમયે અહીં અસામાજિક તત્વોનો જમાવડો રહેતો હોવાની ભીતિ સેવાઈ રહી છે.

સ્થાનિક રહીશોની માંગ છે કે, પોલીસ અને વહીવટી તંત્ર તાત્કાલિક આ સ્થળની તપાસ કરે અને અહીં રાત્રિ પેટ્રોલિંગ વધારવામાં આવે જેથી સરકારી કચેરીઓની ગરિમા જળવાઈ રહે.

## સંક્ષિપ્ત સમાચાર

### બગવાડામાં પૌરાણિક શ્રી અંબામાતાજી મંદિરમાં ચૈત્રી નવરાત્રિની ઉજવણી

પારડી : પારડી તાલુકાના બગવાડા ગામમાં 450 વર્ષ પૌરાણિક શ્રી અંબામાતાજી મંદિરમાં ચૈત્રી નવરાત્રિની ઉજવણી કરવામાં આવી રહી છે. ગામ તથા આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં ભક્તજનો દર્શનાર્થે આવતા હોય છે. માતાના મંદિરને આકર્ષક લાઈટીંગ દ્વારા સુશોભિત કરવામાં આવ્યું છે.

### નવસારી-બીલીમોરામાં પારસી સમુદાય દ્વારા આવા યઝદ પરબ મનાવાયું

નવસારી,બીલીમોરા : નવસારી અને બીલીમોરા પારસી સમુદાય દ્વારા રવિવારે સાંજે અંબિકા નદીના બંદર ઓવારા ખાતે પરંપરાગત "આવા યઝદ પરબ"ની શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જળદેવતાની પૂજા અર્ચના કરી સમગ્ર વિશ્વમાં જળની સમૃદ્ધિ, શુદ્ધતા અને કલ્યાણ માટે દુઆ માંગી હતી. પારસી ધર્મમાં અગ્નિ અને જળ બંને તત્વોને અત્યંત પવિત્ર માનવામાં આવે છે. જળ એ જીવનનો આધાર હોવાથી તેની પૂજા દ્વારા વિશ્વને શુદ્ધ અને પૂરતું પાણી પ્રાપ્ત થાય તેવો સંદેશ આપવામાં આવે છે. વર્ષોથી ચાલી આવતી આ પ્રાચીન પરંપરાને જાળવી રાખતા બીલીમોરા પારસી સમાજે આ વિધિ ભક્તિભાવપૂર્વક નિભાવી હતી. અંબિકા નદીના કિનારે દીવો પ્રગટાવી, નાળિયેર, ફૂલ અને અગરબત્તી સાથે વિધિવત પૂજા કરવામાં આવી હતી. ધાર્મિક વિધિ પૂર્ણ થયા બાદ દાળની મીઠી પુરીનો પ્રસાદ ધરાવવામાં આવ્યો હતો, જેનો ઉપસ્થિતોએ ભાવપૂર્વક સ્વીકાર કર્યો હતો. આ ધાર્મિક વિધિ પારસી અગિયારીના દસ્તુર કુરુષ સિધવા દ્વારા કરવામાં આવી હતી. સામુહિક પ્રાર્થનામાં જળદેવતા સમગ્ર વિશ્વ પર પોતાની કૃપા વરસાવે, ચોમાસું સારું રહે અને કુદરતી સંતુલન જળવાઈ રહે તેવી હાર્દિક પ્રાર્થના કરવામાં આવી હતી. આવા યઝદ પરબ દ્વારા પારસી સમુદાયે "જળ એજ જીવન" અને "જલ હૈ તો કલ હૈ"નો સંદેશ સમાજ સુધી પહોંચાડ્યો હતો. સાથે જ પર્યાવરણ અને જળ સંરક્ષણ અંગે જનજાગૃતિ ફેલાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

### ઓઝરમાં ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના હસ્તે ચેકડેમ કમ કોઝવેનું ખાતમુહૂર્ત

વલસાડ : નાનાપોંઢા તાલુકાના ઓઝરમાં ચેકડેમ કમ કોઝવે બનાવવાના મહત્વપૂર્ણ વિકાસ કાર્યનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ કર્યું હતું. આ પ્રોજેક્ટ વિસ્તારના સર્વાંગી વિકાસ તરફ એક મહત્વપૂર્ણ પગલું છે, જે પાણી સંચાલન સાથે વાહન વ્યવહારની સુવિધા પણ સુનિશ્ચિત કરશે. આ કાર્ય માટે અંદાજિત રૂપિયા 57.20 લાખનો ખર્ચ કરવામાં આવશે. પાણીના સંગ્રહ અને નિયંત્રણ માટે કુલ 16 ગેટની વ્યવસ્થા કરવામાં આવશે. જે પાણીના યોગ્ય સંચાલનમાં સહાયરૂપ બનશે. આ ચેકડેમ કમ કોઝવે બનવાથી વિસ્તારના ખેડુતોને સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ થશે, જે ખેતી ઉત્પાદન વધારવામાં મદદરૂપ બનશે. સાથે સાથે, ગામલોકોને આવન-જાવન માટે સરળ અને સુરક્ષિત માર્ગ પણ મળશે. આ પ્રોજેક્ટથી સ્થાનિક વિકાસને નવી દિશા મળશે અને લોકોના જીવનમાં સુખાકારી અને સમૃદ્ધિ વધશે. આ પ્રસંગે સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

### ઉમરગામના MLA રમણ પાટકરના સ્વ. પુત્રને CMએ શ્રદ્ધાંજલિ આપી

ઉમરગામ : ઉમરગામના MLA રમણભાઈ પાટકરના પુત્ર સ્વ. વિલાશ પાટકરને CM ભુપેન્દ્ર પટેલ તથા નાણામંત્રી કનુ દેસાઈએ શ્રદ્ધાંજલિ આપી હતી. ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકરના સુપુત્ર વિલાસભાઈ પાટકર (ઉ.વ.50 )નું ટૂંકી માંદગી બાદ નિધન થતા પરિવારજનોમાં દુઃખની લાગણી પ્રસરી જવા પામી છે. આ દુઃખની ઘડીએ પરિવારને સાત્વના આપવા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા નાણામંત્રી કનુ દેસાઈ રવિવારે સવારે ઉમરગામના ઘોડીપાડા ખાતે ધારાસભ્ય રમણ પાટકરના નિવાસ્થાને આવી પહોંચ્યા હતા અને સદગત સ્વ.વિલાસ પાટકરને શ્રદ્ધા સુમન અર્પણ કરી ઈશ્વર તેમની આત્માને પરમ શાંતિ અર્પે અને પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે એવી અંતરથી પ્રાર્થના કરી પરિવારને સાત્વના પાઠવી હતી. ધારાસભ્ય રમણ પાટકરે કહ્યુ હતુ કે આ દુઃખની ઘડીમાં રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નાણામંત્રી કનુ દેસાઈ, સાંસદ ધવલ પટેલ, જિલ્લાના ધારાસભ્યો, ભાજપના આગેવાનો, કાર્યકરો, ઉદ્યોગપતિઓ, મિત્રો, સગા સંબંધીઓ, લોકો મોટી સંખ્યા આવી અમારા પરિવારના પડખે ઊભા રહ્યા છે તેઓનો હૃદયથી આભાર વ્યક્ત કરું છું.

### સોલધરા ગ્રામ પંચાયત ભવનનું લોકાર્પણ

ઘેજ : ચીખલી તાલુકામાં નવનિર્મિત સોલધરા ગ્રામ પંચાયત ભવનનું આદિજાતિ મંત્રી નરેશ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રી નરેશ પટેલે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ગ્રામ વિકાસને પ્રાથમિકતા આપી રહી છે અને ગામડાઓમાં આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે સતત પ્રયત્નશીલ છે. નવું પંચાયત ભવન ગામના વહીવટને વધુ સુવ્યવસ્થિત બનાવી લોકોને સમયસર અને સરળતાથી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં મદદરૂપ બનશે. ગ્રામ પંચાયતના શેડ અને અન્ય કામગીરી માટે મંત્રી દ્વારા તેમના ફંડમાંથી ત્રણ લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવી આપી હતી. આ પ્રસંગે ગ્રામ પંચાયત ભવનનું અધૂરૂ કામ સ્વખર્ચે પૂર્ણ કરનાર ગામના અગ્રણી એસ.યુ પટેલે જણાવ્યું હતું કે એજન્સી દ્વારા ગ્રામ પંચાયતનું અધૂરું કામ મૂકી દીધું હતું. જે મંત્રી નરેશ પટેલ, ટીડીઓ ભાવનાબેન, સ્થાનિક ગ્રામજનો દ્વારા કામ પૂર્ણ કરવા માટે રજૂઆત કરવામાં આવતા ઝડપથી કામ પૂર્ણ કરીને આજે લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ ડો.અમીતા પટેલ, ડો.અશ્વિન પટેલ, પૂર્વ એપીએમસી ચેરમેન કિશોર પટેલ, ટીડીઓ ભાવના યાદવ, મામલતદાર હિરેનભાઈ, સરપંચ જેનીશભાઈ, જિલ્લા પંચાયત સભ્ય દીપાબેન પટેલ, તાલુકા પંચાયત સભ્ય વૈભવભાઈ, ગણદેવી સુગરના ડિરેક્ટર નટુભાઈ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ મયંક પટેલ, ચેતન પટેલ, ધર્મેશ પટેલ, સરપંચ એસોસિએશનના પ્રમુખ જયેશ પટેલ, તાલુકાના સરપંચો, ગ્રામ પંચાયતના ચૂંટાયેલા સભ્યો, સ્થાનિક આગેવાનો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉમરગામના ખતલવાડાની વિવા કંપનીમાં ભીષણ આગ ભભૂકી

**મેજર** કોલ જાહેર કરાયો, આગમાં માલ મટીરિયલ અને કંપનીના શેડને ભારે નુકસાન

ઉમરગામ : ઉમરગામના ખતલવાડામાં આવેલી વિવા કંપનીમાં ભીષણ આગ લાગતા મેજર કોલ જાહેર કરાયો હતો. આગમાં માલ મટીરીયલ અને કંપનીના શેડને ભારે નુકસાન થયુ હતુ. કલાકોની જહેમત બાદ આગ કાબુમાં આવી હતી.

ઉમરગામ તાલુકાના માણેકપુર રોડ ખતલવાડા ગામમાં આવેલી વિવા મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ નામની મેટલ કમ્પોઝિટ સીટ એસીપી સીટ બનાવતી કંપનીમાં બપોરે ચારેક વાગ્યાના સુમારે અચાનક યુનિટ નંબર બે માં આગ લાગતા દોડધામ મચી ગઈ હતી અને કામદારો સુરક્ષિત બહાર આવી ગયા હતા.

ઉમરગામ જીઆઈડીસી, નોટિફાઇડ, ઉમરગામ નગરપાલિકા, સરીગામ અને વાપીથી ફાયર વિભાગની ટીમ દોડી આવી આગ ઉપર કાબુ મેળવવા પાણીનો મારો ચલાવ્યો હતો.

પોલીસની ટીમ પણ દોડી આવી હતી. આગ ખૂબ જ ભીષણ હોય મેજર કોલ જાહેર કરાયો હતો. જો કે કલાકોની જહમત બાદ આગ ઉપર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. આગમાં કંપનીના મશીનરો મટીરીયલો રો મટીરીયલ તૈયાર માલ બળી ગયો હતો તથા શેડને પણ ભારે નુકસાન થયું હતું. આગ લાગવાનુ કોઈ ચોક્કસ કારણ જાણી શકાયું નથી. સદનસબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

# નવસારીમાં નકલી CCC સર્ટિફિકેટથી નોકરીનું સેટિંગ!

**વધુ** ત્રણ સૂત્રધાર ઝડપાયા, 149 નિમણૂકોની તપાસે ખોલી ભ્રષ્ટાચારની પોલ

નવસારી : નવસારી જિલ્લામાં પશુપાલન વિભાગમાં બોગસ CCC સર્ટિફિકેટના આધારે સરકારી નોકરી મેળવવાના કૌભાંડમાં વિજલપોર પોલીસે વધુ ત્રણ મુખ્ય સૂત્રધારોને ઝડપી પાડતા કેસમાં મહત્વપૂર્ણ વળાંક આવ્યો છે. વ્યારાના કલ્પેશ કાટીકર, ધર્મેન્દ્રસિંહ ઝાલા અને બારડોલીના ચંદ્રકાંત પાટીલ નકલી પ્રમાણપત્રો બનાવી આપતા ગેરકાયદે રેકેટના કેન્દ્રસ્થાન તરીકે સામે આવ્યા છે.

આ પહેલા જ હર્ષદ જાદવ, હિરેન પટેલ અને સુનિલ ગવળી નામના ત્રણ કર્મચારીઓની ધરપકડ થઈ ચૂકી છે. તપાસ મુજબ, આ કર્મચારીઓએ 2008 થી 2013 દરમિયાન ફિક્સ પગાર પર સેવા આપ્યા બાદ ખોટા CCC સર્ટિફિકેટના આધારે કાયમી નિમણૂક મેળવી સરકારી પગાર અને અન્ય લાભો લાંબા સમય સુધી મેળવ્યા હતા.

વર્ષ 2020માં 149 સહાયક પશુધન નિરીક્ષકોના પ્રમાણપત્રોની સઘન ચકાસણી હાથ ધરાતા ITI અંકલેશ્વર અને ગાંધીનગર સ્તરે આ સર્ટિફિકેટ્સ નકલી હોવાનું સાબિત થયું હતું. આ ખુલાસા બાદ નાયબ પશુપાલન નિયામક ડો. ભાવેશ માહલાએ સત્તાવાર ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસને વેગ આપ્યો હતો.

### તંત્રની પારદર્શિતાને લઈને ગંભીર પ્રશ્નો ઊભા કરતું કૌભાંડ

પકડાયેલા ત્રણેય આરોપીઓને અદાલતમાં રજુ કરવામાં આવ્યા બાદ જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે કેસમાં વધુ લોકો સંડોવાયેલા હોવાની શક્યતા સામે આવી રહી છે. બીજી તરફ, ખોટા દસ્તાવેજોના આધારે કાયમી બનેલા ત્રણેય પશુધન નિરીક્ષકોને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ સમગ્ર કૌભાંડ તંત્રની દેખરેખ અને પારદર્શિતાને લઈને ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. વર્ષો સુધી ચાલતી આવી ગેરરીતિ સામે જવાબદારી નક્કી કરવી અને સંકળાયેલા તમામ લોકો સામે કડક કાર્યવાહી કરવી હવે જરૂરી બની છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ડાંગ LCBએ મહારાષ્ટ્રીયન પહેરવેશ ધારણ કરી આર્મ્સના ગુનાના આરોપીને ઝડપી પાડ્યો

સાપુતારા : ડાંગ-આહવા લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આર્મ્સ એક્ટના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા વોન્ટેડ આરોપીને મહારાષ્ટ્રના બુલઢાણા ખાતેથી ફિલ્મી ઢબે વેશપલટો કરી ઝડપી પાડ્યો છે. સાપુતારા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આર્મ્સ એક્ટના ગુનામાં છેલ્લા બે વર્ષથી વોન્ટેડ આરોપી અજય બાલુભાઇ મોહિતે (રહે. ઉદરી, બુલઢાણા, મહારાષ્ટ્ર) પોલીસની ધરપકડથી બચવા નાસતો ફરતો હતો. આ આરોપી હાલમાં ડ્રાઇવિંગનું કામ કરતો હતો. જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ LCB PSI જે.જી.અનડકટ અને તેમની ટીમને બાતમી મળી હતી કે આરોપી વતન આવવાનો છે. અને ભાઈની સારવાર માટે બુલઢાણાની એક હોસ્પિટલમાં જવાનો છે. આ બાતમીના આધારે પોલીસે બુલઢાણાના બજારમાં મહારાષ્ટ્રીયન પહેરવેશ ધારણ કરી વેશપલટો કર્યો. અને હોસ્પિટલની બહાર વોચ ગોઠવી આરોપીને ઓળખી કાઢ્યો હતો. ભીડ એકઠી થતા આરોપીને કોર્ડન કરી ગાડીમાં બેસાડી નજીકના પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો. આ ગુનામાં કુલ ચાર આરોપીઓ સામેલ હતા જેઓ સાપુતારા ખાતે દેશી બનાવટની પિસ્તોલ સાથે પકડાયા હતા. તે સમયે બે આરોપીઓ ફરાર થઈ ગયા હતા. અગાઉ પકડાયેલા આરોપીઓમાં રોહીદાસ ચવ્હાણની ધરપકડ કરી હતી. અમોલ બાબુરાવ ખોતકર જે રીઢો ગુનેગાર હતો અને ૧૨ ગુનાઓમાં સંડોવાયેલો હતો. તે મહારાષ્ટ્ર પોલીસ સાથેના એન્કાઉન્ટરમાં માર્યો ગયો હતો. ત્યારે પોલીસે આરોપીની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ગણદેવી વિભાગ વિવિધ કાર્યકારી મંડળીના અમૃત મહોત્સવની ઉજવણી

બીલીમોરા : ગણદેવી વિભાગ વિવિધ કાર્યકારી સહકારી મંડળીએ સ્થાપના કાળના ૭૫ વર્ષે અમૃત મહોત્સવની ઉજવણી કરી હતી. જેમાં મંડળીનાં લેખાજોખા, વિવિધ સેવાકીય કાર્યો સાથે સહયોગીઓને યાદ કરાયા હતા. મંડળીના પ્રમુખ ગોવિંદ પટેલે સંસ્થા ઉભી કરનારા અગ્રણીઓની દીર્ઘદ્રષ્ટિને બિરદાવી હતી. તેમણે સ્થાપક અગ્રણીઓ ગુલાબભાઈ મહેતા, પરાગજી, મોહનભાઇને યાદ કર્યા હતા. ૭૫ વર્ષ અગાઉ ૨૪/૦૩/૧૯૫ શરૂઆત કરાઈ હતી. આ પ્રસંગે રાજ્યનાં મંત્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યુ હતુ કે આઝાદીકાળ અગાઉ શાહુકારો વ્યાજ વટાવમાં જમીનો ગીરવી રાખી ખેડૂતોનું શોષણ કરતાં હતાં. આઝાદી બાદ મંડળીઓનું રજિસ્ટ્રેશન થતા ખેડૂતોને બિયારણ, જંતુ નાશક દવા હાથવગા થયા, ખેત ઉત્પાદનની જણસોનાં પોષણક્ષમ ભાવો મળતા ખેડૂતોની આવક વધી. વીતેલા ૩૨ વર્ષોથી કામ કરતી ગોવિંદ પટેલની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. કેબિનેટ મંત્રી નરેશ પટેલે જણાવ્યું હતું કે ગણદેવી તાલુકામાં સહકારની ભાવના પ્રબળ છે. ખેડૂતો, સભાસદો સ્વનિર્ભર, આત્મ નિર્ભર બન્યા છે. આજે ગુજરાત સરકાર જેટલું જ સહકારી ક્ષેત્રનું બજેટ છે. વસુધારા ડેરીનાં ચેરમેન રાજેશભાઈ ઉર્ફે રાજાભાઈ પટેલે સહકારી ક્ષેત્રે શ્વેત ક્રાંતિનાં પ્રણેતાથી આજદિન સુધીનાં વિકાસને વાગોળ્યો હતો. સમારંભનાં અધ્યક્ષ જયંતિભાઈ ઉર્ફે અરવિંદ ઉકાભાઈ પટેલ (વલસાડ) એ મંડળીની ૭૫ વર્ષની સફળતાને વધાવી સંઘ ભાવનાને બિરદાવી હતી.. આ પ્રસંગે જલાલપોર ધારાસભ્ય આરસી પટેલ, ધારાસભ્ય રાકેશ દેસાઈ, માજી મંત્રી કરસન પટેલ, જયંતિભાઈ પટેલ (સુગર), ગુજરાત સ્ટેટ કો-ઓપ ફ્રૂટ એન્ડ વેજી માર્કેટિંગ ફેડરેશનનાં ચેરમેન રાજેશ પટેલે પ્રાસંગિક સંબોધન કર્યા હતા. આ પ્રસંગે જિલ્લા રજિસ્ટાર ધ્રૂવિન પટેલ, કલ્પેશ પટેલ, સંઘ મેનેજર પરિમલ રાવલ, અભિષેક પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રી રાજુભાઇએ આભારવિધિ કરી હતી.

## સાપુતારા ઘાટમાં મરચાનો જથ્થો ભરેલી ટ્રક પલટી

સાપુતારા : ડાંગ જિલ્લાનાં સાપુતારા-શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર મરચાનો જથ્થો ભરેલો ટ્રક પલ્ટી મારી જતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. નાસિકથી મરચાનો જથ્થો ભરી સુરત તરફ જઈ રહેલી ટ્રક (નંબર RJ-19-GF-5165) શામગહાન માર્ગ પર આવેલા ફોરેસ્ટ રેસ્ટ હાઉસ નજીકના વળાંક પર ચાલકે કાબુ ગુમાવતા ટ્રક પલ્ટી મારી ગઈ હતી. અકસ્માત સ્થળે હાલ સંરક્ષણ દીવાલનું કામ ચાલી રહ્યું હોવાથી મજૂરો હાજર હતા. ટ્રક પલ્ટી જતા મજૂરોમાં અફરાતફરી મચી ગઈ હતી, જોકે સદનસીબે કોઈને ઈજા પહોંચી નહોતી. ટ્રકનો ચાલક અને ક્લીનરનો પણ ચમત્કારિક બચાવ થયો હતો. આ અકસ્માતમાં ટ્રકને તેમજ મરચાના જથ્થાને નુકસાન થયું છે.

# જીઓ સર્વેની ટીમને 'રિવર લિંક યોજના' સમજી ટોળાએ નિશાન બનાવી

**વાંસદાના** ચોરવણીમાં ગેરસમજને કારણે થયેલા પથ્થરમારામાં બે કર્મચારી ઘાયલ, પોલીસે મામલો થાળે પાડ્યો

વાંસદા : નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના ચોરવણી ગામે રવિવારે એક મોટી દુર્ઘટના ટળી હતી. રાજ્ય સરકાર દ્વારા ઉત્તર પ્રદેશની 'શિજય પ્રોજેક્ટ પ્રા. લિમિટેડ' કંપનીને દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં જીઓ ફિઝિકલ સર્વે (દરિયાઈ સપાટીથી જમીનની ઊંચાઈ માપવા) માટેનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. આ અંતર્ગત જ્યારે ટીમ સર્વે માટે ચોરવણી પહોંચી, ત્યારે સ્થાનિક ગ્રામજનોમાં એવી ગેરસમજ ફેલાઈ હતી કે આ ટીમ વિવાદાસ્પદ 'પાર-તાપી-નર્મદા રિવર લિંક યોજના' માટે આવી છે.

આ ગેરસમજને પગલે જોતજોતામાં ૧૦૦થી વધુ લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું. ગ્રામજનોએ ટીમને ત્યાંથી ચાલ્યા જવા માટે દબાણ કર્યું હતું. આ હોબાળા દરમિયાન ટોળામાંથી અચાનક પથ્થરમારો શરૂ થયો હતો. જેમાં સર્વે ટીમના મેનેજર કૃષ્ણા શિંદે અને કર્મચારી સુલભચંદ્ર તિવારીને ઈજાઓ પહોંચી હતી.

ઘટનાની જાણ થતા જ વાંસદા પી.આઈ. જે.વી. ચાવડા અને પીએસઆઈ એ.એચ. પટેલ કાફલા સાથે સ્થળ પર દોડી ગયા હતા અને સર્વે ટીમને સુરક્ષિત બહાર કાઢી મોટી દુર્ઘટના અટકાવી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક વાંસદા અને ધરમપુરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સુલભચંદ્ર તિવારીએ અજાણ્યા હુમલાખોરો વિરુદ્ધ વાંસદા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ડુંગરામાં 4 ઈસમોએ મારામારી કરી માથું ફોડ્યું, રીક્ષાના કાચ તોડ્યા

વાપી : સંઘપ્રદેશ દાનહ સેલવાસ સ્થિત કંપનીની કેન્ટીનમાં નોકરી કરતો વિશાલ અરૂણકુમાર દેવલીયા (ઉ.27) કંપનીની કેન્ટીનમાંથી પાર્સલ રીક્ષામાં લઈને વાપી ડુંગરા મિત્ર સાથે આપવા જતો હતો. ત્યારે દાદરા ચેકપોસ્ટ પાસે હોટલ સામેના માર્ગ ઉપર પાછળથી મોપેડ અથડાઈ હતી અને મોપેડચાલક નીચે પડી ગયો હતો. જેમાં મોપેડચાલકને વધારે લાગ્યું ન હતું. જેથી તેઓ રીક્ષા લઈને નીકળી ગયા હતાં. રીક્ષા લઈને ડુંગરા મંગલમ કોલોની સામે પહોંચતા મોપેડચાલક અને અન્ય 3 ઈસમોએ તેનું વાહન રીક્ષા આગળ રાખી માર માર્યો હતો અને પથ્થર વડે માથામાં મારી રીક્ષાનો કાચ તોડી તોડફોડ કરી હતી. જ્યારે અન્ય એક ઈસમે મિત્રના માથામાં કડાથી માર્યો હતો. મારામારી કરનારા મોપેડચાલક નૂર મહોજાદ મુરતુજા ખાન (રહે. ડુંગરા-વાપી) તથા અન્ય 3 ઈસમો સામે વિશાલ દેવલીયાએ વાપી ડુંગરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# વલસાડમાં PSI સસરા અને પુત્ર સામે દહેજની ફરિયાદ

**પરિણીતાને** ઘરખર્ચના પૈસા નહીં આપી સસરા અને પતિ દહેજ માટે ત્રાસ આપતા હતા

**વલસાડમાં** રહેતા રાજસ્થાની પરિવાર વિરૂદ્ધ દહેજ માટે ત્રાસની ફરિયાદ

વલસાડ : વલસાડમાં રહેતા રાજસ્થાની પરિવારે તેની પુત્રવધુને દહેજના મામલે ત્રાસ આપતા તેણીએ મહિલા પોલીસ મથકે આરપીએફના પીએસઆઇ એવા તેના સસરા અને અમદાવાદ નોકરી કરતા પતિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા ભારે ચર્ચા ચાલી છે. રાજસ્થાનના કોટામાં રહેતા નેહાબેનના લગ્ન 6 ડિસેમ્બર 2024 ના રોજ વલસાડના બિપીન સત્યપાલ શર્મા સાથે થયા હતાં. તેના સસરા સત્યપાલ શર્મા આરપીએફમાં પીએસઆઇ તરીકે ફરજ બજાવે છે. બિપીન અમદાવાદ નોકરી કરે છે અને સપ્તાહના અંતે અથવા એક સપ્તાહ પછી વલસાડ આવતો હતો. ત્યારે નેહાને તે ઘરખર્ચના પૈસા આપતો ન હતો. જેની સામે તેના સસરા અને પતિ તેને દહેજ માટે ત્રાસ આપતા હતાં. ત્યારે આ બનાવ સંદર્ભે પોલીસે બિપીન અને સત્યપાલ વિરૂદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# યુવતીની ફેક ઈન્સ્ટા. આઈડી બનાવી મંગેતરને અભદ્ર મેસેજ

**નવસારી** સાયબર ક્રાઈમ પોર્ટલ પર ફરિયાદ બાદ પોલીસ તપાસ શરૂ

નવસારી : નવસારી શહેરમાં એક યુવતીની ઓળખનો ગેરઉપયોગ કરીને ફ